eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue No. 65
August 18, 2006

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ સાફ–સફાઈની કામગીરી

તાજેતરમાં આવેલ વિનાશક પૂરના કારણે ઉભી થયેલી વિકટ પરિસ્થિતિ બાદ સુરત શહેરમાં હવે સાફ–સફાઈની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. તા. ૧૯–૦૮–૨૦૦૬ના રોજની સાંજે ૪.૦૦ કલાક સુધીની સુરત મહાનગરપાલિકા ના તમામ ઝોન મારફત કરવામાં આવેલ કામગીરીની માહિતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પાણી જન્ય / પાણી સંલગ્ય રોગ અટકાવીએ

હાલમાં સુરત શહેરમાં આવેલ અતિશય પુરના કારણે પાણીનો ભરાવો રહેવા પામેલ અને હવે પાણી ઉતરતા પાણી જન્ય રોગો જેવા કે ઝાડા ઉલટી, કોલેરા, કમળો, ટાઈફોઈડ તેમજ પાણી સંલગ્ન મેલેરીયા, ડેન્ગ્યુ વિગેરે થવાની સંભાવના છે. આ રોગને નિયંત્રણમાં રાખવાના તમામ પગલાં સુરત મહાનગરપાલિકા ધ્વારા લેવામાં આવી રહયા છે. સુરત શહેરની જાગૃત જનતાને નીચેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને જરૂરી સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય

આથી જાહેર જનતાને જણાવવાનું કે તાજેતરમાં તાપી નદીમાં આવેલ પૂરને કારણે શહેરમાં આવેલ સુરત મહાનગરપાલિકા સંચાલિત નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય / વિવિધલક્ષી વાંચનાલયમાં પુસ્તકો તેમજ ફર્નિચરને ભારે નુકશાન થયેલ હોય હાલ તુરત પુસ્તકાલય / વાંચનાલય સભ્યો તથા જાહેર વાચકો માટે બંધ રાખવામાં આવેલ છે. પુસ્તકાલય / વાંચનાલયનું કામકાજ ચાલુ થયેથી તે અંગેની જાણ જાહેરાત ધ્વારા કરવામાં આવશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ સાફ–સફાઈની કામગીરી

**તાજેતરમાં આવેલ વિનાશક પૂરના કારણે ઉભી થયેલી વિકટ પરિસ્થિતિ બાદ સુરત શહેરમાં હવે સાફ–સફાઈની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. તા. ૧૯–૦૮–૨૦૦૬ના રોજની સાંજે ૪.૦૦ કલાક સુધીની સુરત મહાનગરપાલિકા ના તમામ ઝોન મારફત કરવામાં આવેલ કામગીરીની માહિતી.**

**સેન્ટ્રલ ઝોન :–** આ વિસ્તારમાં કુલ ૩૧ પીવાના પાણીના ટેન્કર, ૧૨૫૦૦ કલોરીનની ટીકડીઓ, ૨૦ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૩૧૨૦૦ કિ.ગ્રા. પાવડર અને ૫૮.૫૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૩૦–ટ્રેકટર, ૧૨૫–ડમ્પર, ૩૦–જેસીબી, ૨–લોડર જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૮૧૦ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૧૭૨ હંગામી ઘોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૫૦૩ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૧૮૬૦ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૧૦–નાના અને ૨–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૧૬ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

**કતારગામ ઝોન :–** આ વિસ્તારમાં કુલ ૧૬ પીવાના પાણીના ટેન્કર, ૧૬૦૦૦૦ કલોરીનની ટીકડીઓ, ૩૧ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને ૨૦૦૦ આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૧૭૦૦૦ કિ.ગ્રા. પાવડર અને ૩૪૫૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૩–ટ્રેકટર, ૧૬૩–ટ્રક/ડમ્પર, ૩૨–જેસીબી, ૩–લોડર જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૮૧૪ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૨૧૭ હંગામી ઘોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૨૦૦ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૨૯૫૦ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૭–નાના અને ૩૨–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૩૫ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

**વરાછા ઝોન :–** આ વિસ્તારમાં કુલ ૫ પીવાના પાણીના ટેન્કર, ૭૫૦૦૦ કલોરીનની ટીકડીઓ, ૨૨ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૧૨૨૬૦ કિ.ગ્રા. પાવડર અને ૧૦૫ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૫–ટ્રેકટર, ૭૦–ટ્રક, ૨૩–જેસીબી જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૯૨૦ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૧૩૨ હંગામી ઘોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૬૦ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૨૪૨૫ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

**લિંબાયત ઝોન :–** આ વિસ્તારમાં કુલ ૧૨ પીવાના પાણીના ટેન્કર, ૧૨૪૭૮ કલોરીનની ટીકડીઓ, ૧૧ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને ૨૩૯૮૧ આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૨૬૫૦૦ કિ.ગ્રા. પાવડર અને ૧૧૩૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૨૦–ટ્રેકટર, ૧૭–ટ્રક, ૧–ડમ્પર, ૧–લોડર, ૫–જેસીબી જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૫૪૩ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૨૯૬ હંગામી ઘોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૩૧ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૩૧૦ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૮–નાના મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૧ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

**ઉધના ઝોન :–** આ વિસ્તારમાં કુલ ૨૪ પીવાના પાણીના ટેન્કર, ૭૫૯૦ કલોરીનની ટીકડીઓ, ૫ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૩૫૯૧ કિ.ગ્રા. પાવડર અને ૮૧ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો

છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧–ટ્રેકટર, ૨૦–ટ્રક, ૧૧–ડમ્પર, ૩–લોડર, ૭–જેસીબી જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૬૫૧ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૩૧૨ હંગામી ઘોરણે રોકેલા રોજીંદા બેલદારો, ૬ કોન્ટ્રાકટરોના વધારાના લીધેલ સફાઈ કામદાર/બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૮૫૧ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૭–નાના અને ૧–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૫ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

**અઠવા ઝોન :**– આ વિસ્તારમાં કુલ ૧૦ પીવાના પાણીના ટેન્કર, ૩૭૦૦ કલોરીનની ટીકડીઓ, ૪૪ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૪૬૦૦ કિ.ગ્રા. પાવડર અને ૨૧૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૦–ટ્રેકટર, ૨૦–ટ્રક/–ડમ્પર, ૮–લોડર/જેસીબી જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૫૨૮ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો, ૧૯૨ હંગામી ઘોરણે રોકેલા રોજીંદા બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૯૭૦ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૨–નાના અને ૧–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૧૨૯ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

**રાંદેર ઝોન :**– આ વિસ્તારમાં કુલ ૩૪ પીવાના પાણીના ટેન્કર, ૬૫૨૦૮ કલોરીનની ટીકડીઓ, ૩૦ મેડીકલ ટીમોની સંખ્યા ધ્વારા નાગરિકોને ૨૩૬૧૭ આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૩૩૨૬૫ કિ.ગ્રા. પાવડર અને ૮૬૨.૫૦ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૯–ટ્રેકટર, ૨૮૩–ટ્રક/–ડમ્પર, ૭૮–લોડર/જેસીબી જેવી મશીનરીઓથી સાફ–સફાઈની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૬૯૩ મ્યુ.ના નિયમિત કામદારો અને બેલદારો રોકવામાં આવેલ છે. જેથી ૮૧૨૪ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૨૯–નાના અને ૧૩–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૩૦ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

તા. ૧૦–૮–૦૬ થી ૧૮–૮–૦૬ રાત્રે ૧૨.૦૦ કલાક સુધીની તમામ ઝોનની પોગ્રેસીવ માહિતી શહેરના પૂરગ્રસ્ત તમામ વિસ્તારમાં કુલ ૪૯૮૫ પીવાના પાણીના ટેન્કર, ૩૩૩૬૩૬૪ કલોરીનની ટીકડીઓ, મેડીકલ ટીમો ધ્વારા નાગરિકોને ૩૦૦૨૪૪ આરોગ્યવિષયક દવાઓનો જથ્થો, ૧૬૩૫૮૧૫ કિ.ગ્રા. પાવડર અને ૩૪૫૬૯.૩૫ લિટર પ્રવાહી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૯૮૯૦૧ (મેટ્રીક ટન) માટી, કીચડ/કચરાનો નિકાલ, તેમજ ૧૬૬૪–નાના અને ૧૯૩૫–મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. તથા ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ૧૦૯૯ ડિ–વોટરીંગ પંપની મદદથી ખાલી કરવામાં આવેલ છે.

Top

## પાણી જન્ય / પાણી સંલગ્ય રોગ અટકાવીએ

હાલમાં સુરત શહેરમાં આવેલ અતિશય પુરના કારણે પાણીનો ભરાવો રહેવા પામેલ અને હવે પાણી ઉતરતા પાણી જન્ય રોગો જેવા કે ઝાડા ઉલટી, કોલેરા, કમળો, ટાઈફોઈડ તેમજ પાણી સંલગ્ન મેલેરીયા, ડેન્ગ્યુ વિગેરે થવાની સંભાવના છે. આ રોગને નિયંત્રણમાં રાખવાના તમામ પગલાં સુરત મહાનગરપાલિકા ધ્વારા લેવામાં આવી રહયા છે. સુરત શહેરની જાગૃત જનતાને નીચેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને જરૂરી સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

**ઝાડા / ઉલ્ટી થી બચવા આટલું અવશ્ય કરશો :–**

- ઝાડા–ઉલ્ટી દુષિત ખોરાક તેમજ દુષિત પાણીથી થાય છે.
- ઘરમાં અથવા સંસ્થામાં ડહોળુ કે વાસ મારતું પાણી આવે તો તાત્કાલીક પાણી ખાતાને અથવા નજીકની વોર્ડ ઓફીસમાં જાણ કરશો.
- પીવાનાં પાણીને જંતુમુકત કરવા કલોરીન ટેબલેટનો ઉપયોગ કરવો. જે તમારી નજીકની વોર્ડ ઓફીસમાંથી વિના મૂલ્યે મળશે.
- કુદરતી હાજતે ગયા બાદ તથા જમતા પહેલા સાબુથી હાથ બરાબર સાફ કરો.ખુલ્લો ઉઘાડો વાસી હોય તેવો ખોરાક તથા કાપીને રાખેલા, સડેલા અખાદ્ય ફળ ફળાદિ/શાકભાજીનો ઉપયોગ કરવો નહીં.

**મેલેરીયા / ડેંગ્યુથી બચવા આટલું અવશ્ય કરશો :–**

- પાણી ભરેલા ખુલ્લા વાસણોમાં કે પાણી ભરેલ ખુલ્લી ટાંકીઓમાં મચ્છરનાં પોરા ઉત્પન્ન થાય છે. આ પોરા જ મચ્છરોની ઈયળો છે. પોતાના ઘરમાં પીપ, ફુલદાની, કુલર, પવાલી, પ્લાસ્ટીકનાં કેરબા કે ખુલ્લી ઓવરહેડ કે અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પાણીનો સંગ્રહ ન કરવો તથા દર પાંચ દિવસે વાસણો સાફ કરવા.
- ખુલ્લી ઓવરહેડ કે અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ હંમેશા હવા ચુસ્ત ઢાંકણથી બંધ રાખી તેમજ પાણીનાં પોરાનાં નાસ માટે કેરોસીન કે મીઠુ તેલ પાણીમાં નાંખવું કે જેથી પાણી પર તેલની એક ફીલ્મ બની જાય.
- જયારે મેલેરીયા વિભાગનાં કર્મચારીઓ પાણી પોરાની ઉત્પત્તિનો સર્વે કરવા આવે ત્યારે દરેક નાગરિકોએ પૂરતો સહકાર આપવો તેમજ કર્મચારીઓ જે સલાહ સુચનો આપે તે મુજબ વર્તવું
- માણસ અને મચ્છર વચ્ચેનો સંપર્ક અટકાવવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો.
- પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનાં પ્રાથમિક લક્ષણો જણાય તો નજીકનાં મહાનગરપાલિકાનાં આરોગ્ય કેન્દ્રનાં તબીબનો સંપર્ક કરી સલાહ અને સારવાર મેળવો.

Top

## કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય

આથી જાહેર જનતાને જણાવવાનું કે તાજેતરમાં તાપી નદીમાં આવેલ પૂરને કારણે શહેરમાં આવેલ સુરત મહાનગરપાલિકા સંચાલિત નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય / વિવિધલક્ષી વાંચનાલયમાં પુસ્તકો તેમજ ફર્નિચરને ભારે નુકશાન થયેલ હોય હાલ તુરત પુસ્તકાલય / વાંચનાલય સભ્યો તથા જાહેર વાચકો માટે બંધ રાખવામાં આવેલ છે. પુસ્તકાલય / વાંચનાલયનું કામકાજ ચાલુ થયેથી તે અંગેની જાણ જાહેરાત ધ્વારા કરવામાં આવશે.

Top